

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા વર્ષ ૧૯૯૧થી ચરણ સેવા અને પક્ષી પરબનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. આ પરંપરાના ભાગરૂપે રવિવારે સંસ્થાના અગ્રણીઓ અરૂણભાઈ બુચ, પ્રદિપ સોલંકી, શશીકાંતભાઈ મોઢા, નિલેન્દુ વોરા, ભાનુભાઈ દવે, કિશોરભાઈ જીકાદરા, સુધીરભાઈ દેસાઈ, ભૂપેન્દ્ર મહેતા તથા અન્ય વસાહતીઓના હસ્તે પંચદેવ મંદિર ખાતે પક્ષી પરબનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાં ખરીફ પાકની વાવણી વેગીલી બની : નવ હજાર હેક્ટરમાં વાવેતર સંપન્ન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં સારા ચોમાસાની આશાએ ખેડૂતો દ્વારા ખરીફ ઋતુના વાવેતરની કામગીરી વેગીલી બનાવી છે. જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર અત્યાર સુધી નવ હજાર હેક્ટરમાં સંપન્ન થયાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આ વખતે પાક પેટર્નમાં બદલાવ જોવા મળી શકે છે. જોકે ખેડૂતોને પણ મજૂરોની સમસ્યા નડી રહી છે એટલે પાક - વાવેતર પેટર્નમાં બદલાવ આવશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૧૦૦ હેક્ટર વિસ્તારમાં શાકભાજીના પાકોનું વાવેતર થયું છે. કપાસ જે જિલ્લાનો પુષ્ય પાક ગણાય છે તેનું વાવેતર ૩૫૦૦ હેક્ટરમાં થયું છે. આ ઉપરાંત મગફળીના પાકનું વાવેતર પણ ૯૩૦ હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં થયાનું જાણવા મળેલ છે.

ડાંગરના પાકનું ૪૦૦ હેક્ટર વિસ્તારમાં થયાનું જાણવા મળેલ છે. તો મુંગા પશુધન માટે ૨૮૦૦ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર થયું છે.

જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ૧ લાખ ૪૨ હજાર હેક્ટરમાં થતું હોય છે. જિલ્લાની ખેતી આકાશી ખેતી ગણવામાં આવે છે. આ વખતે જે રીતે ગરમીનો પ્રકોપ છે તે જોતાં વરસાદ સારો થશે તેવું ખેડૂતોનું માનવું છે અને એટલે જ ધીમી ગતિએ આરંભેલ ખરીફ ઋતુના વાવેતરમાં આ સપ્તાહે સારો એવો વેગ આવ્યો છે.

જિલ્લામાં વરસાદ થયા પછી આ વાવણી વધુ વેગીલી થશે એટલું જ નહિ અન્ય પાકોનું પણ વાવેતર વધશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં ૮ થી ૧૦ જુન દરમિયાન વરસાદ થવાની આગાહી છે. જિલ્લાના કેટલાક વિસ્તારોમાં આજે થોડોક છુટો છવાયો વરસાદ થયાના અહેવાલો છે. જોકે કેટલાક સ્થાનો પર માત્ર છાંટા પડીને અટકી ગયા હતા.

## ખૂણેખાંચરેથી

- મનપા વિપક્ષના કાર્યાલયમાં ફરજ બજાવતા કર્મયોગી ઈન્દ્રજીતસિંહ ગોહિલે તેના જન્મદિનની ઉજવણી વૃક્ષારોપણ કરીને કરી છે.
- રાજયના વનવિભાગે સિંહોની ગણતરી માટેની કામગીરી માટેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.
- એન. સી. પી.એ તેનો મત કોંગ્રેસના ઉમેદવારને મળશે અને તે માટેનો વ્હીપ જારી કર્યો હોવાની જાહેરાત આજે એન.સી.પી.ના પ્રદેશ પ્રમુખ જયંત બોસ્કીએ કરી છે.
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ક્યારે આવશે તેને લઈ વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ચર્ચાઓ શરૂ થઈ છે.
- રાજયના સિનિયર મંત્રીઓની એક મહત્ત્વની બેઠક આજે રાજયના મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને મળી હતી. જેમાં સંગઠન સંરચના અંગે ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.
- જિલ્લાની વિવિધ કચેરીઓમાં શૌચાલયો અને યુરિનલની સફાઈ નિયમિત થતી નહિ હોવાનું જાણવા મળેલ છે.
- જિલ્લામાં ચોમાસાને લઈ વિવિધ કંટ્રોલરૂમો પણ કાર્યરત કરી દેવામાં આવ્યા છે.



## ચિલોડા હોમગાર્ડ જવાનના નિધન બાદ કોવોરન્ટાઈન પ્રક્રિયા હાથ ધરાઈ

કોરોના વોરિયર્સ એવા ૫૭ વર્ષીય હોમગાર્ડ ઈન ચાર્જ ઓફિસર એન. જે. સોલંકીને ૩જી જૂને હૃદયની બિમારીની સારવાર અર્થે ગાંધીનગર સીવીલ હોસ્પિટલે દાખલ કર્યા હતા. ત્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. ત્યારબાદ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારપછી આરોગ્યતંત્ર દ્વારા તેમની ઓફિસ અને રહેલાંક વિસ્તાર તરીકે ગણાતો મુખ્ય રાવલવાસ જે ચિલોડો એપ્રોચ રોડ - મુખ્ય બજારની નજીક આવેલો છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા સંપર્કમાં આવેલા લોકોની ક્વોરેન્ટાઈનની કામગીરી પ્રક્રિયા વધુ તેજ બનાવવાની ફરજ પડી પરિણામે આ વિસ્તારના ૩૫ મકાનોને કેન્ટોનમેન્ટ એરિયામાં ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવાની ફરજ પડી છે. તેવી વિગતો પ્રાપ્ત થતાં આરોગ્યતંત્ર અને ગ્રામ પંચાયતની સજાગતા સાથે સેનેટાઈઝેશન અને રહિશોને રોગપ્રતિકારક શક્તિ સંવર્ધન થાય તે માટે હોમિયોપેથી ગોળીઓનું વિતરણ વ્યવસ્થા કરવામાં આવી. આ વિસ્તારને સલામત અને સુરક્ષિત રહે તેવા હેતુથી બેરીકેટ ગોઠવી બંદોબસ્ત વ્યવસ્થા કરાઈ છે.

# સ્પે. ચિલ્ડ્રન્સ હોમના બાળકો પ્રત્યે 'ઉર્મિ' વ્યકત કરતું ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં સેકટર-૧૯ ખાતેના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમની મુલાકાત લેવમાં આવી હતી. આ સાથે સંસ્થા દ્વારા બાળકોને મદદરૂપ થવાના ઉદ્દેશથી કરિયાણાની સાત કીટનું દાન કરવામાં આવ્યું હતું.

ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેકટર-૧૯માં સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ ખાતે કરિયાણાની જે સાત કીટનું દાન કરવામાં આવ્યું હતું તેમાં ૩૫ કિલો ચોખા, ૩૫



કિલો ઘઉંનો લોટ, ૭ કિલો કઠોળ, ૭ કિલો દાળ, ગાળ, ૫ લીટર તેલ, ૭ કિલો ખાંડ, ગરમ મસાલા, ધાણાજીરું-મરચું-હળદર વગેરે પુરતા પ્રમાણમાં આપવામાં આવ્યા હતા. જેથી બાળકોને બે માસ સુધી ઉપયોગી બની શકે. આ સેવા કાર્યમાં સંસ્થાના ટ્રસ્ટી તથા ગુજરાતી ફિલ્મી યુવા અભિનેત્રી વિવેકા પટેલ, ટ્રસ્ટી તથા ગુજરાત બ્રહ્મસમાજના ગાંધીનગર જિલ્લાના યુવા મંત્રી રાજન ત્રિવેદી ઉપરાંત અભિનેતા-નિર્માતા તથા સંસ્થાના સ્વયંસેવક રાજન રાઠોડ અને શુભેચ્છક ચેમ્પસ એકેડેમીના કેવલ પુલક ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે સંસ્થા દ્વારા કેટલીક કરિયાણાની કીટોનું જરૂરિયાતમંદ પરિવારોને પણ વિતરણ કરવામાં આવ્યું હતું.








વરસાદની સિઝન હવે ટૂંક સમયમાં શરૂ થશે. કાળઝાળ ગરમીથી હવે છૂટકારો થશે. વરસાદી સિઝનની શરૂઆત પહેલા જ શહેરને હરિયાળું બનાવવા માટેના પ્રયત્નો શરૂ થઈ ચૂક્યા છે. વન વિભાગ દ્વારા અને ખાનગી સંસ્થાઓ દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમો ઠેર ઠેર યોજાઈ રહ્યા છે. સેક્ટર-૭/સીમાં યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ડે. મેયર નાઝાભાઈ ધાંધર, કોર્પોરેટર કાર્તિક પટેલ, લાલુભા વાઘેલા, તેજાભાઈ દેસાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા જયેન્દ્રસિંહ બિહોલાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ભાજપને ચૂંટણીમાં રૂપિયા ખર્ચવાની જરૂર નથી; ૯૦ બેઠકોથી પણ ગુજરાત પર રાજ કરી શકે છે

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાતનું પોલિટીક્સ ખતરનાક મોડ લઈ રહ્યું છે. ખુદ કોંગ્રેસના નેતાઓ જ ભાજપને મજબૂત બનાવી રહ્યાં છે. રાજ્યની જનતાએ ત્રીજી પાર્ટીને મહત્વ આપ્યું નથી પરંતુ હવે એવું લાગે છે

## ૨૧૩ દેશોમાં કોરોના સંક્રમણના ૭૦,૦૦,૦૦૦ કેસ જુલાઇ સુધીમાં ૧,૦૦,૦૦,૦૦૦ થવાની દહેશત

કે આજે નહીં તો કાલે દિલ્હી જેવો ટર્નિંગ પોઈન્ટ આવશે. મતદારો કોંગ્રેસ અને ભાજપને બાય-બાય કરી નવી પાર્ટીને અપનાવી લેશે. ગુજરાતમાં ભાજપ કે કોંગ્રેસ—કોઈ પાર્ટીમાં નીતિ-મત્તા, સિદ્ધાંતો અને પાર્ટી પ્રત્યેની વફાદારી રહી નથી. કોંગ્રેસમાં પણ તકસાધુઓ પેદા થઈ રહ્યાં છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં રાજ્યની જનતાએ કોંગ્રેસને ૭૭ ધારાસભ્યો આપ્યાં હતા પરંતુ સત્તા અને ભય સામે ૧૨ ધારાસભ્યો ઝૂકી ગયા છે. કોંગ્રેસની સંખ્યા આજે ૬૫ રહી ગઈ છે. હવે એવું કહેવાય કે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૯૦ બેઠકો મળે તો પણ પાર્ટી સહેલાઈથી સત્તામાં આવી શકે છે, કારણ કે કોંગ્રેસમાં વેચાઉ ધારાસભ્યોની ખોટ નથી. ચૂંટણી પછી કોંગ્રેસના ધારાસભ્યોને રાજીનામાં અપાવીને વિધાનસભાની સભ્યસંખ્યા ઓછી કરી દેવાથી શાસન પર બેસી શકાશે. હકીકતમાં કોંગ્રેસના સિનિયર નેતાઓ તેમના ધારાસભ્યોને સાચવી શકતા નથી. ગુજરાતમાં વિપક્ષના નેતા પરેશ ધાનાની અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની નેતાગીરી તદ્દન નિષ્ફળ ગઈ છે તેથી પાર્ટીના હાઈકમાન્ડે ગુજરાત કોંગ્રેસમાં ધરમૂળથી ફેરફાર કરીને નવી કોંગ્રેસનું સર્જન કરવાની આવશ્યકતા છે, અન્યથા ગુજરાતમાં અન્ય કોઈ વિપક્ષ ઘૂસી જશે. ભાજપનું અસ્તિત્વ ગુજરાતમાં છેલ્લા ૪૦ વર્ષથી છે છતાં ગામડે-ગામડે તેનો કાર્યકર્તા જોવા મળતો નથી, પરંતુ કોંગ્રેસનો આજેપણ પ્લસ પોઈન્ટ એવો છે કે આખા ગુજરાતમાં—પ્રત્યેક ગામડામાં પાર્ટીનો કાર્યકર મોજૂદ છે છતાં ચૂંટણી સમયે કાર્યકરોનો લાભ લેતાં પાર્ટીના સિનિયર નેતાઓને આવડતું નથી.

**● ગુજરાતમાં શંકરસિંહ વાઘેલા શું કરી રહ્યાં છે...**

ગુજરાતમાં ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા એક્ટિવ થયાં છે. તેમના કહેવા પ્રમાણે તેઓ ભાજપમાં કદી જવાના નથી, કોંગ્રેસના પ્રદેશ નેતાઓ તેમને ક્યારેય સ્વિકારી શકવાના નથી તો પછી કોરોના સંક્રમણના સમયે શંકરસિંહ વાઘેલા એક્ટિવ કેમ થયાં છે તેનાથી બન્ને પાર્ટીને આશ્ચર્ય થાય છે. શંકરસિંહે અત્યાર સુધીમાં ભાજપ, રાજપા, કોંગ્રેસ અને એનસીપી એમ કુલ ચાર પાર્ટીઓ બદલી છે. રાજપા તો તેમનું બેબી હતું પરંતુ તેઓ તેમની પાર્ટીને એસ્ટાબ્લિશ કરી શક્યા નહીં. ભાજપ અને કોંગ્રેસના હાઈકમાન્ડે તેમની મહત્વકાંક્ષા પૂરી કરી નહીં એટલે બન્ને પાર્ટી છોડી દીધી. છેલ્લે તેઓ એનસીપીમાં જોડાયા હતા પરંતુ હવે એ પાર્ટી પણ તેમણે છોડી દીધી છે. શંકરસિંહ વાઘેલા સોશ્યલ મિડીયામાં એટલા એક્ટિવ બન્યાં છે તે લોકોને પણ આશ્ચર્ય થયું છે. ગુજરાતમાંથી દારૂબંધી ઉઠાવી લેવાની તરફેણ કરતાં શંકરસિંહ કોરોના સંક્રમણ પછી જ્યારે પરિસ્થિતિ નોર્મલ બની જશે ત્યારે નવી પાર્ટીનું સર્જન કરવાના છે કે કોઈ નવી પાર્ટીમાં જોડાવાના છે તે હજી અનિશ્ચિત છે. તેમની નજીકના નેતાઓ કહે છે કે શંકરસિંહની નજરમાં હવે અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીમાં સક્રિય થશે. જો કે બાપુની જૂની આદત છે કે—તેઓ જે કંઈ કહે છે, તે કરતા નથી. એટલે કે તેમના વિશે જે અટકળો ચાલે તે બધી સાચી પડતી નથી. અત્યારે તો તેઓ કોરોના દર્દીઓની વહારે આવ્યા છે...

**● કોરોના વાયરસ જુલાઇ સુધીમાં કરોડપતિ બનશે...**

કોરોના વાયરસે ૨૦૨૦ના વર્ષને ખતમ કર્યું છે. આ વાયરસે અડધા વર્ષમાં લોકોને એટલી બધી યાતનાઓ આપી છે કે વિશ્વના તમામ દેશો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. આધુનિક વિજ્ઞાનના યુગમાં હજી સુધી આ મહામારીની દવા કે રસી શોધાઈ નથી. વિશ્વના ૨૧૩ જેટલા દેશો કોરોના સંક્રમણથી પિડીત બનેલાં છે. વિશ્વમાં હાલની સ્થિતિએ ૭૦ લાખ પોઝિટીવ કેસો સામે આવ્યા છે. આ મહામારીએ ૪ લાખથી વધુ લોકોને શિકાર બનાવ્યા છે, જ્યારે રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૩૪.૫૦ લાખ પર પહોંચી છે. સમગ્ર વિશ્વમાં અત્યારે ૩૨ લાખ એક્ટિવ કેસ છે. એક બાબત એવી સામે આવી છે કે વિશ્વનો રિકવરી રેટ ૮૯ ટકાએ પહોંચ્યો છે જે રાહતરૂપ છે. કોરોના સંક્રમથી પિડીતા દેશોમાં ટોચક્રમે અમેરિકા છે, જ્યાં ૨૦ લાખ પોઝિટીવ કેસો છે અને ૧.૧૩ લાખ દર્દીઓના મોત થયાં છે. બીજાક્રમે ૬.૮૦ લાખ કેસ અને ૩૬ હજાર મોત સાથે બ્રાઝિલ આવે છે. રશિયામાં ૪.૫૯ લાખ, સ્પેનમાં ૨.૯૦ લાખ, યુકેમાં ૨.૮૫ લાખ અને ભારતમાં ૨.૪૮ લાખ પોઝિટીવ દર્દીઓ સામે આવ્યા છે. વિશ્વમાં એક લાખ કરતાં વધુ દર્દીઓ સામે આવ્યા છે તેવા દેશોની સંખ્યા ૧૫ થવા જાય છે. જે દેશમાંથી કોરોના વાયરસ વિશ્વમાં ફેલાયો હતો તે ચીનનો ક્રમ ૧૮મો છે અને ત્યાં હવે કોરોના સમાપ્ત થયો છે. માત્ર ૭૦ એક્ટિવ કેસ જોવા મળે છે. વિશ્વના ૭૦ લાખ કેસો જુલાઈ સુધીમાં એક કરોડ થઈ જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય...

**● આગ લાગે ત્યારે કૂવો ખોદવાની બૂરી આદત...**

ગુજરાતીમાં બે મહત્વની કહેવત છે. એક કહેવતમાં કહેવાયું છે કે આગ લાગે ત્યારે કૂવો ખોદવા ના જવાય.. અને બીજી કહેવત છે કે ઘોડો છૂટી ગયા પછી તબેલાના તાળાં ના મરાય.. આ બન્ને કહેવતો કોંગ્રેસને લાગુ પડે છે. ગુજરાતમાં જ્યારથી કોંગ્રેસની સત્તા ગઈ છે ત્યારથી કોંગ્રેસના ધારાસભ્યો હંમેશા નેતૃત્વ વિહોણાં જોવા મળ્યાં છે. વિધાનસભામાં બજેટની ચર્ચા હોય અથવા તો રાજ્યસભાની ચૂંટણી હોય ત્યારે પાર્ટીના પ્રદેશ નેતાઓને ધારાસભ્યોની યાદ આવે છે પરંતુ તે સિવાય પાર્ટી તેમના ધારાસભ્યોને યાદ સુદ્ધાં કરતી નથી. કહેવાય છે કે પોતાની શક્તિ અને બળના આધારે કોંગ્રેસનો પ્રત્યેક ધારાસભ્ય સરકાર સામે લડીને તેમના મતવિસ્તારના લોકોના કામ કરતો હોય છે. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી પછી કોંગ્રેસના ૭૭ ધારાસભ્યો એકત્ર થયાં હોય તેવા બનાવો માત્ર વિધાનસભાના સત્રમાં બન્યાં છે. જ્યારે વિધાનસભા ચાલુ ન હોય ત્યારે કોંગ્રેસના પ્રદેશ નેતાઓએ ધારાસભ્યો માટે ડિનર ડિપ્લોમસી કરી હોય તેવો એકપણ કિસ્સો જોવા મળ્યો નથી. સરકાર સામે કોઈ ઈસ્યુ પર મોરચો ખોલવાનો હોય ત્યારે ધારાસભ્યોને બોલાવીને સ્ટેટજી બનાવવાની હોય છે પરંતુ આ નેતાઓ એવી ફરજ પણ ચૂક્યાં છે. ધારાસભ્યની વેદના, તેમના પ્રશ્નો, તેમની રજૂઆત, તેમની ફરિયાદો, તેમની લાગણીઓને નજરઅંદાજ કરવામાં આવે છે. કોંગ્રેસ એ ભાજપ નથી કે સંકટ સમયે બધાં એક થઈ જાય, કોંગ્રેસમાં તો હંમેશા સંકટ સમયે બધાં વિખૂટાં થઈ એકબીજા સામે લડતા જોવા મળ્યાં છે, પરિણામે પ્રત્યેક ચૂંટણીમાં પાર્ટીને પછડાટ મળી છે.



## યાત્રાધામ અંબાજી મંદિરના મુખ્ય દ્વાર ૧૨મી જૂનથી ખૂલશે, વૃદ્ધ અને બાળકોને પ્રવેશ નહીં મળે

**● અંબાજી મંદિરના દ્વાર ૧૨મી જૂનથી ખૂલશે...**

ગુજરાતના યાત્રાધામો તેમજ ધાર્મિક સ્થળોને કેટલીક શરતોને આધિન ખોલવાની પરમિશન કેન્દ્ર અને રાજ્ય સરકારે આપી છે

## શંકરસિંહ વાઘેલાના તેવર જોતાં લાગે છે કે ગુજરાતમાં ત્રીજી શક્તિનો સૂર્યોદય થઇ રહ્યો છે

ત્યારે આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કહેવામાં આવ્યું છે કે માતાના મંદિરમાં દર્શન ૧૨મી જૂનથી શરૂ કરાશે. દર્શનનો સમય હાલ પુરતો સવારે ૭.૩૦ થી ૧૦.૪૫, બપોરે ૧૩.૦૦ થી ૧૬.૦૦ અને રાત્રે ૧૯.૩૦ થી ૨૦.૧૫ સુધી રાખવામાં આવ્યો છે. પ્રત્યેક યાત્રાળુઓએ દર્શનના સમય પ્રમાણે ટોકન પ્રવેશદ્વાર પાસેથી મેળવવાના રહેશે. યાત્રાળુઓની ભીડ ન થાય તે માટે પ્રથમવાર આરતી દર્શન, પાવડી પૂજા, ગર્ભગૃહ દર્શન, રાત્રી પૂજા, માતાજીના થાળ, માતાજીની ગાદીના દર્શન, હોમ-હવન, ભેટપ્રસાદ કેન્દ્ર, સાડી કેન્દ્ર, ગરબા, જાહેર ધાર્મિક કાર્યક્રમો અને દિવ્યદર્શન બંધ રહેશે. યાત્રાળુઓ માટે ટ્રસ્ટે એવી સૂચના આપી છે કે તેમના જૂતાં ગાડીમાં મૂકીને આવે. મુખ્યદ્વાર પર આરોગ્ય ચેકઅપ કર્યા પછી જ યાત્રીઓને અંદર મોકલવામાં આવશે, શંકાસ્પદ લક્ષણો હોય તેવા યાત્રાળુઓ દર્શન માટે અંદર જઈ શકશે નહીં. અંદર જનારા પ્રત્યેક દર્શનાર્થીએ મોઢાં પર માસ્ક પહેરેલો હોવો જરૂરી છે. મંદિરમાં ૬૫ વર્ષથી ઉપરના અને ૧૦ વર્ષથી નીચેના લોકોને પરમિશન આપવામાં નહીં આવે.

**● સિનિયર IAS ઓફિસરોની બદલીની સંભાવના...**

ગુજરાત સરકારના વહીવટી તંત્રમાં સિનિયર આઈએએસ અધિકારીઓની મોટાપાયે બદલીઓ થવાની છે. આ સંભવિત ફેરફારો રાજ્યસભાની ચૂંટણી પછી થાય તેવી સભાવના છે. બદલીઓના આ દોરમાં ટોચના ૧૨થી વધુ ઉચ્ચ અધિકારીઓ છે. મહાનગરોના કમિશનરો, બોર્ડ-કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ, જિલ્લા કલેક્ટરો તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓની બદલીઓ પણ તોળાઈ રહી છે. આ સાથે પોલીસ વિભાગમાં પણ મોટાપાયે બદલી થવાની સંભાવના છે.

લોકડાઉનના સમયમાં સરકારે ઓફિસરોના સ્થાન યથાવત રાખ્યાં હતા પરંતુ હવે લોકડાઉન મહદઅંશે ખુલી જતાં વહીવટી તંત્રમાં બદલાવ આવી રહ્યો છે. સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે કે રાજ્યના સિનિયર મોસ્ટ ઓફિસરોની યાદી મંગાવાઈ રહી છે, અલબત્ત કેટલાક ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં પણ ફેરફારો નિશ્ચિત બન્યા છે, જેમાં પોલીસ ભવન ઉપરાંત જિલ્લા પોલીસ વડાની પણ બદલીઓ થશે. રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝા નું એક્સટેન્શન જુલાઈમાં પૂરૂં થાય છે તે પહેલાં પોલીસ વિભાગમાં ઉચ્ચ અધિકારીઓના પ્રમોશન તેમજ તેમની બદલીનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે. જૂન મહિનામાં આઈએએસ ઓફિસરો-- સીઆર ખરસાણ, એસએમ ખત્રી, સીએમ પાડલિયા તેમજ જુલાઈ મહિનામાં એમએસ પટેલ, પુનમચંદ પરમાર અને પીએલ સોલંકી નિવૃત્ત થાય છે. સીએમ ઓફિસ હાલ ફેરફારો માટેનું લિસ્ટ બનાવી રહી છે.